

P.07

અભિનેત્રી પ્રિયંકા ચોપરાની હોલીવુડ ફિલ્મનું ટ્રેલર રિલીઝ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

કિયારાને ડિલિવરી પહેલા આલિયા તરફથી ખાસ ભેટ મળી



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૩૦૨ I વિક્રમ સંવત ૨૦૮૧ : વૈશાખ વદ ૧૧ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)


ditor : Avesh K Malaviya • Year : 03 • Issue : 302 • Dt.06-06-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, hastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



દિલ્હી-યુપીથી કર્ણાટક સુધી ૧૬ રાજ્યોમાં વાદળોએ ઘેરાબંધી કરી I વાવાઝોડા અને વરસાદની ચેતવણી 07




06 JUNE- 2025 FRIDAY




07 અમેરિકા ૧૨ દેશોના લોકો અમેરિકા મુસાફરી કરી શકશે નહીં I ૭ અન્ય દેશો પર પણ કડક કાર્યવાહી







આગામી ૧૪ જુનના રોજ મુખ્યમંત્રીના સુરત આગમનની શક્યતા

ગત ૨૭ મે ના રોજ વડાપ્રધાનના હસ્તે ૨૩૨ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું

# ૨૭૫ કરોડથી વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાત મુહૂર્ત કરાશે

## સુરત પાલિકાએ વડાપ્રધાન સમક્ષ રજુ કરેલા ૫૦૭ કરોડના પ્રોજેક્ટમાંથી બાકી રેહલા ૨૭૫ કરોડથી વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાત મુર્હુત મુખ્યમંત્રીના હસ્તે કરાવવા માટે કવાયત શરૂ કરી દીધી

I પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૬ I

ગુજરાતના મુખ્યમંત્રી આગામી ૧૪ જૂનના રોજ સુરત પ્રવાસે આવે તેવી શક્યતા હોવાથી સુરત પાલિકાએ વડાપ્રધાન સમક્ષ રજુ કરેલા ૫૦૭ કરોડના પ્રોજેક્ટમાંથી બાકી રેહલા ૨૭૫ કરોડથી વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાત મુર્હુત મુખ્યમંત્રીના હસ્તે કરાવવા માટે કવાયત શરૂ કરી દીધી છે.ગુજરાતના પ્રવાસે આવેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સુરત પાલિકાના ૫૦૭ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ઉદ્ઘાટન પ્રોજેક્ટ રજૂ કરાયા હતા. જોકે, ગત ૨૭ મે ના રોજ વડાપ્રધાનના હસ્તે ૨૩૨ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં બાયોડાયવર્સીટી પાર્ક સહિત ચાર પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. ત્યાર બાદ ૩૫ જેટલા ૨૭૫ કરોડથી વધુના પ્રોજેક્ટ લોકાર્પણ અને ખાત મુર્હુત પ્રોજેક્ટ બાકી રહ્યા હતા. આગામી ૧૪ જૂનના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સુરતના પ્રવાસ આવે તેવી શક્યતા છે તે દિવસે પાલિકાના આ પ્રોજેક્ટનું ખાત મુર્હૂત અને લોકાર્પણ કરવામા આવે તે માટે તૈયારી શરૂ થઈ ગઈ છે. આ માટે પલિકા દ્વારા આજે તમામ ઝોનના વડા, અને વિભાગીય વડા વચ્ચે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ પ્રોજેક્ટનું લોકાર્પણ ખાત મુર્હૂત માટેની ચર્ચા થઈ હતી. સંભવતઃ મુખ્યમંત્રી સુરતના પ્રવાસે આવે તો ઈન્ડોર સ્ટેડિયમ અથવા અઠવા પાર્ટી પ્લોટમાં કાર્યક્રમ માટે વિચારણા થઈ રહી છે. મુખ્યમંત્રી સુરતના પ્રવાસે આવે તો ઈન્ડોર સ્ટેડિયમ અથવા અઠવા પાર્ટી પ્લોટમાં કાર્યક્રમ માટે વિચારણા થઈ રહી છે.



ગુજરાતના મુખ્યમંત્રી આગામી ૧૪ જૂનના રોજ સુરત પ્રવાસે આવે તેવી શક્યતા હોવાથી સુરત પાલિકાએ વડાપ્રધાન સમક્ષ રજુ કરેલા ૫૦૭ કરોડના પ્રોજેક્ટમાંથી બાકી રેહલા ૨૭૫ કરોડથી વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાત મુર્હુત મુખ્યમંત્રીના હસ્તે કરાવવા માટે કવાયત શરૂ કરી દીધી છે.

પોલીસને શંકા જતા પૂછપરછ કરતા ભાંડો ફૂટ્યો

## અમદાવાદ શહેરના સરખેજમાં એસપીની કચેરીમાં ૪ નકલી અધિકારીઓ ઝડપાયા

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ I

અમદાવાદનાં સરખેજમાં અધિકારી બનીને હાટ ગ્રામ્યમાં એસ.પી.ની કચેરીમાં નકલી અધિકારીઓ ઝડપાયા છે. પોલીસને શંકા જતા પૂછપરછ કરતા ભાંડો ફૂટ્યો છે. સરખેજ પોલીસે કુલ ૪ આરોપીઓની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ગુજરાતમાં છેલ્લા કેટલાય મહિનાઓથી નકલીનો રાફડો ફાટ્યો છે. ગુજરાતમાં નકલી પોલીસ, જજ, વકીલ, શિક્ષક, ડૉક્ટર,પીએમઓ અધિકારીની ભરમાર વચ્ચે કેન્દ્ર સરકારનાં નકલી અધિકારીઓ ઝડપાયા છે. અમદાવાદમાં સરખેજ પોલીસે નકલી અધિકારીઓને ઝડપી પાડ્યા છે. હાટ ગ્રામ્ય એસ.પી.ની કચેરીમાં કેન્દ્ર સરકારનાં અધિકારી બનીને ગયા હતા. આઈકાર્ડમાં રાષ્ટ્રીય ચિહ્ન અશોક સ્તંભનો દુરુપયોગ કર્યો હતો. નેશનલ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન કમિશનના નામનો ઉપયોગ કર્ય હતો.એટલું જ નહીં, આઈકાર્ડમાં એમએસએમઈ, ભારત સરકારનો ઉલ્લેખ કર્યો હતો. આઈકાર્ડમાં 'જોઈન્ટ ડિરેક્ટર', નેશનલ ડિરેક્ટર' લખ્યું હતું. વાઈસ પ્રેસિડેન્ટ' જેવા પદ પણ આઈકાર્ડમાં દર્શાવ્યા હતા. પોલીસે સમગ્ર મામલે કુલ ૪ આરોપીઓની ધરપકડ કરી છે. સરખેજ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અગાઉ દમણમાંથી ગૃહમંત્રીના નકલી ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી અધિકારી ઝડપાયા હતા. આરોપીએ ગૃહમંત્રીના નકલી ઓએસડી અધિકારી બનીને પોલીસ તપાસને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલ દમણ પોલીસે બન્ને આરોપીની ધરપકડ કરીને પૂછપરછ શરૂ કરી હતી.દમણ પોલીસ સ્ટેશનના હાઉસ ઓફિસરને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાને ગૃહમંત્રીના ઓએસડી તરીકે ઓળખ આપીને મહારાષ્ટ્રથી મળેલી ઝીરો એફઆઈઆરમાં ગુનો નોંધીને પોતાના મિત્રની તરફેણ કરવાની વાત કરી હતી.

### ન્યૂઝ બ્રિફ

## અકસ્માતમાં પંચમહાલમાં પિતાની સામે જ ૪ વર્ષની બાળકીનું મોત

I પ્રતિનિધિ, પંચમહાલ, તા.૫ I

રાજ્યમાં વધતા જતા અકસ્માતના બનાવો હવે એક ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે ફરી પંચમહાલમાં એક ભયંકર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જેમાં ૪ વર્ષની બાળકીનું કરુણ મોત નિપજ્યું છે. જેના કારણે તેના માતા-પિતાના પગ નીચેથી જાણે કે જમીન સરકી ગઈ હોય તેવી તેમની હાલત થઈ છે.પંચમહાલના ગોધરામાં પરવડી બાયપાસ ચોકડી પાસે અકસ્માત સર્જાયો છે. જેમાં ટ્રકે બાઈકને ટક્કર મારી અને આ અકસ્માતમાં ૪ વર્ષની બાળકીનું મોત નિપજ્યું છે. બાળકીના પિતા તેને લઈને દૂધ ભરાવવા માટે જઈ રહ્યા હતા તે સમયે આ અકસ્માત સર્જાયો છે.પિતા અને પુત્રી ગોધરાના કોટડા ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. અકસ્માતને લઈને તે સમયે સ્થળ પર મોટી સંખ્યામાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. સાથે જ ટ્રાફિક જામનાં દ્રશ્યો પણ તે સમયે સર્જાયાં હતાં.જોકે આ અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. બાળકીના મોતને લઈને સ્થળ પર લોકોમાં રોષનો માહોલ પણ જોવા મળ્યો હતો. બીજી તરફ હાલ બાળકીના પરિવારમાં પણ શોકનો માહોલ સર્જાઈ ગયો છે.

રાજ્યમાં કોરોના કેસમાં સતત વધારાની વચ્ચે હવે અમદાવાદીઓએ ખૂબ જ સાચવવાની જરૂર

## અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૦ કેસ નોંધાયા I પશ્ચિમ ઝોનમાં સંક્રમણ સૌથી વધારે

હાલ હાલ અમદાવાદમાં કોરોનાના કુલ ૩૨૦ એક્ટિવ કેસ I સુરતમાં પણ મુંબઈથી પરત આવેલ ૭ લોકો કોરોના પોઝિટિવ આવ્યા

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ I

રાજ્યમાં કોરોના કેસમાં સતત વધારાની વચ્ચે હવે અમદાવાદીઓએ ખૂબ જ સાચવવાની જરૂર છે. વાસ્તવમાં મેટ્રો સિટી અમદાવાદમાં ફરી એકવાર કોરોનાનો રાફડો ફાટ્યો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૦ કેસ નોંધાયા છે. વિગતો મુજબ હાલ હાલ અમદાવાદમાં કોરોનાના કુલ ૩૨૦ એક્ટિવ કેસ છે. આ તરફ સુરતમાં પણ મુંબઈથી પરત આવેલ ૭ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે.મેટ્રો સિટી અમદાવાદમાં હવે કોરોના સંક્રમણ રોકેટ ગતિએ આગળ વધી રહ્યું છે.



કોરોના વાયરસના કેસો સતત વધવાની વચ્ચે હવે કોરોના સંક્રમણ રોકવું ખૂબ જરૂરી બન્યું છે. અમદાવાદમાં દરરોજ ડબલ આંકડામાં કેસો સામે આવી રહ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાંઆ ૭૦ કેસો સામે આવ્યા છે. અમદાવાદના પશ્ચિમ ઝોનમાં કોરોનાનું સંક્રમણ સૌથી વધારે છે. આ તરફ પશ્ચિમ ઝોનમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦૭ પર પહોંચી છે.

અમદાવાદમાં હવે કોરોના કેસો વધી રહ્યા હોવાની વચ્ચે આરોગ્ય તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. અમદાવાદના ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૯૪ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૫૫ કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદના દક્ષિણ ઝોનમાં કોરોનાના ૨૬ કેસ અને મધ્યઝોનમાં કોરોનાના કેસ ૬ નોંધાયા છે.ગુજરાતમાં કોરોના સંક્રમણ હવે જાણે રોકેટ ગતિએ વધી રહ્યું હોય તેમ દરરોજ નવા કેસો સામે આવી રહ્યા છે. આ તરફ સુરતમાં પણ હવે કોરોના કેસો સતત વધી રહ્યા છે. વાસ્તવમાં સુરતમાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. આ ક્રમમાં હવે સુરતના પાલ વિસ્તારમાં કોરોનાના નવા ૭ કેસ નોંધાયા છે. પ્રાથમિક વિગતો મુજબ મુંબઈથી પરત આવેલા લોકોને કોરોના પોઝિટિવ આવ્યો છે.

## રાજકોટનાં ધોરાજીમાં પિતાએ ૧૫ વર્ષની પુત્રી પર દુષ્કર્મ ગુજાર્યુ

I પ્રતિનિધિ, રાજકોટ, તા.૫ I

રાજકોટ જીલ્લાનાં ધોરાજી તાલુકામાં પાલક પિતાએ ૧૫ વર્ષની સગીર પુત્રી પર વારંવાર દુષ્કર્મ આચરતા પિતાની કરતૂતનો ભાંડો ફૂટ્યો છે. સગીરાને પેટમાં દુ:ખાવો ઉપડતાં સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યાં તબીબી તપાસમાં સમગ્ર મામલે ખુલાસો થયો હતો. માતાએ પાલક પિતા સામે પાટણવાવ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.રાજકોટમાંથી એક કળિયુગી પિતા દ્વારા તેની પુત્રી પર બળાત્કાર કરવાનો મામલો સામે આવ્યો છે. રાજકોટ જીલ્લાનાં ધોરાજી તાલુકામાં એક ૧૫ વર્ષની દીકરી પર તેના પાલક પિતા દ્વારા વારંવાર પોતાની હવસ સંતોષતા સગીરા ગર્ભવતી થઈ હતી. સગીરાને પેટમાં દુ:ખાવો થતાં તેને અચાનક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. હોસ્પિટલમાં તપાસ કરાવતી વખતે પિતાની કરતૂત સામે આવી હતી. ઘટનાની જાણ થતાં જ સગીરાની માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ ઘટનાથી ચોંકી ગયેલી માતાએ પાટણવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.પાટણવાવ પોલીસે આરોપી પિતા વિરુદ્ધ બળાત્કાર અને પોક્સો સહિત વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધી છે.

બાતમીનાં આધારે દરોડા પાડી બૂટલેગરને ઝડપ્યો

## એસએમસીએ સાયન્સ સીટી નજીક લાખોની કિંમતનાં દારૂ સાથે બૂટલેગર ઝડપ્યો



અમદાવાદ શહેર અને સમગ્ર રાજ્યમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ દારૂની હેરાફેરી

I પ્રતિનિધિ, અમદાવાદ,તા.૫ I

અમદાવાદ શહેર અને સમગ્ર રાજ્યમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ દારૂની હેરાફેરી થાય છે. સ્ટેટ મોનિટરિંગ ટીમને દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. બાતમીનાં આધારે દરોડા પાડી બૂટલેગરને ઝડપ્યો હતો. બૂટલેગર રાજસ્થાનથી ૧૩૫૨ દારૂની બોટલ ભરીને અમરેલી જઈ રહ્યો હતો. પણ પોલીસનો કડક બંદોબસ્ત અને નાકાબંધીનાં કારણે સોલા સાયન્સ સીટી રોડ પર આવેલી પરિશ્રમ એલિગન્ટ કોમ્પ્લેક્ષમાં આવેલી નજીક હોટલ સિટિઝનમાં રોકાયો હતો.પોલીસે તાત્કાલિક દરોડા પાડી ૫.૧૩ લાખની દારૂની ૧૩૫૨ બોટલ, અઢી હજાર રૂપિયા રોકડા, મોબાઈલ સહિત કુલ કિંમત ૧૦.૨૧ લાખનો મુદ્દમાલ સાથે બૂટલેગર હાર્દિક ઉર્ફે માધો વિનોદરાય માધવાણીની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં બૂટલેગર આરોપી હાર્દિકે કબૂલાત કરી હતી કે તે અમરેલીના બહારપડાના દાણચોર અનિલ ચાવડા માટે દારૂ લાવ્યો હોવાનું જાણવા મળેલ છે. બૂટલેગર હાર્દિક સામે દારૂ સંબંધિત ૧૫થી વધુ ગુના નોંધાયા છે. અમરેલી, ભાવનગર, રાજકોટ પોલીસે બૂટલેગર સામે ગુના પણ નોંધ્યા છે. અમદાવાદ શહેર અને સમગ્ર રાજ્યમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ દારૂની હેરાફેરી થાય છે. સ્ટેટ મોનિટરિંગ ટીમને દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. બાતમીનાં આધારે દરોડા પાડી બૂટલેગરને ઝડપ્યો હતો. બૂટલેગર રાજસ્થાનથી ૧૩૫૨ દારૂની બોટલ ભરીને અમરેલી જઈ રહ્યો હતો. પણ પોલીસનો કડક બંદોબસ્ત અને નાકાબંધીનાં કારણે સોલા સાયન્સ સીટી રોડ પર આવેલી પરિશ્રમ એલિગન્ટ કોમ્પ્લેક્ષમાં આવેલી નજીક હોટલ સિટિઝનમાં રોકાયો હતો.

કચ્છના દરિયાકાંઠેથી ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત | પ્રાથમિક વિગતો મુજબ લખપતના રોડાસર-મેડી નજીકના દરિયાકાંઠેથી ૭ ડ્રગ્સના પેકેટ મળ્યા

## બીએસએફ જવાનોને પેટ્રોલિંગ દરમિયાન ફરી મળ્યા બિનવારસી ડ્રગ્સના પેકેટ

I પ્રતિનિધિ, ભુજ, તા.૫ I

કચ્છના દરિયાકાંઠેથી ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત છે. પ્રાથમિક વિગતો મુજબ લખપતના રોડાસર-મેડી નજીકના દરિયાકાંઠેથી ૭ ડ્રગ્સના પેકેટ મળ્યા છે.બીએસએફ જવાનો જ્યારે પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે તેમને આ ડ્રગ્સના પેકેટ મળી આવ્યા હોવાનું સામે આવ્યું



છે. આ તરફ હવે બિનવારસી ડ્રગ્સના પેકેટનો કબજો લઈ તપાસ માટે મોકલાયા છે. નોંધનીય છે કે, કચ્છના દરિયાકાંઠેથી અગાઉ પણ અનેક વાર બિનવરસી ડ્રગ્સના પેકેટ મળી આવ્યા છે.

ગુજરાતના દરિયાકાંઠેથી અવાર-નવાર ડ્રગ્સ મળી આવતું હોય છે. જેમાં ખાસ કરી કચ્છના દરિયાકાંઠેની બિનવરસી ડ્રગ્સ મળી આવે છે. આ ક્રમમાં ફરી એકવાર કચ્છના દરિયાકાંઠે ડ્રગ્સ મળી આવ્યું છે. માહિતી પ્રમાણે લખપતના રોડાસર-મેડી નજીકના દરિયાકાંઠે ડ્રગ્સના પેકેટ મળ્યા છે. બીએસએફ જવાનોને પેટ્રોલિંગ દરમિયાન બિનવારસી ડ્રગ્સના ૭ પેકેટને એફએસએલમાં તપાસ માટે મોકલાયા છે.

સુરતમાં નસેડી ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા છે. એવામાં હવે બીઆરટીએસ બસમાં યુવકનો ડ્રગ્સના નશામાં વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. પ્રાથમિક વિગતો મુજબ આ ઈસમ પાસેથી કોકેઈન ડ્રગ્સ અને ઈન્જેક્શનની સિરીંજ મળી હોવાનું સામે આવ્યું છે. ડ્રગ્સના નશામાં ધૂત ઈસમે અડાજણ થી કામરેજ જતી બસમાં ચડી ઉત્પાત મચાવ્યો હતો.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

### ડે. કમિશ્નરનો વિરોધ સાંજ પડતા સુખદ સમાધાનમાં ફેરવાઈ ગયો

# નડિયાદ મહાનગરપાલિકાનો ૮૫ ટકા વહીવટ હવે મોર્ડન એજન્સીના હવાલે

## તમામ કરારી કર્મચારીઓને આઉટ સોસગ એજન્સી થકી ફરજ પર રખાશે

| પ્રતિનિધિ, નડિયાદ, તા.૫ |

નડિયાદમાં કચેરીના અને સફાઈ કર્મચારીઓ જે કરાર આધારિત હતા, તેમને એજન્સીમાં લેવાનો વિરોધ ચાલી રહ્યો હતો. આ વચ્ચે બુધવારે વહેલી સવારે પારસ સર્કલ પાસેના ડમ્પિંગ પ ોઈન્ટ પર ડે.કમિશ્નર રૂદ્રેશ હુદળ પ હોંચ્યા હતા. જેઓ સ્થળ પર પહોંચી સફાઈના કોન્ટ્રાક્ટર થકી કચરો ઉપાડવવા પ્રયત્નશીલ બન્યા હતા. જો કે, અત્રે સફાઈ કર્મચારીઓ અને તેમના યુનિયન પ્રમુખ આવી પહોંચ્યા હતા અને ભારોભાર વિરોધ દર્શાવ્યો હતો. વહેલી સવારે જ સ્થળ પર ટાઉન પોલીસે પણ પહોંચવુ પડયુ હતુ અને ખાસ્સી માથાકૂટ થયા બાદ ૧૧.૩૦ કલાકે બેઠકની બાહેંધરી મળતા કર્મચારીઓએ કચરો ઉપાડવા દીધો હતો. તે પછી મનપા અને સફાઈ કર્મચારીઓ વચ્ચે બેઠક થઈ હતી. જેમાં સુખદ સમાધન થયુ હતુ. ખાસ કરીને સફાઈ કર્મચારીઓની મહેકમ મુજબ ભરતી સમયે સિનિયોરીટી ધ્યાને લેવા માટે સહમતી સધાઈ હતી. તેમજ એજન્સીમાં કર્મચારીઓ જાય, તે બાદ પ ગારથી માંડી અન્ય તમામ બાબતો માટે મનપા જ જવાબદાર રહેશે, તેવુ વચન લેવામાં આવ્યુ છે. ઉપરાંત ભવિષ્યમાં એજન્સી નીકળી જાય, તેવા સમયે તમામ કર્મચારીઓને મનપાએ રાખવા



જ પડશે, તેમ નક્કી કરાયુ હતુ. તે બાદ કર્મચારીઓ પોતાનું આંદોલન પ રત ખેંચ્યુ હતુ.જો કે, આ વચ્ચે સૌથી મહત્વની બાબત એ છે કે, મનપામાં હવે કુલ કર્મચારીઓના ૧૫ ટકા જેટલા જ કર્મચારીઓ સીધા મનપાના અને રાજ્ય સરકારના કાયમી કર્મચારીઓ રહ્યા છે. બાકી ૮૫ ટકા કર્મચારીઓ હવે મોર્ડન એજન્સી દ્વારા સપ્લાય કરાશે. જેથી હવે મનપાનો આખો વહીવટ મોર્ડન એજન્સી દ્વારા રાખવામાં આવેલા કર્મચારીઓ થકી કરાશે. નડિયાદમાં કચેરીના અને સફાઈ કર્મચારીઓ જે કરાર આધારિત હતા, તેમને એજન્સીમાં લેવાનો વિરોધ ચાલી રહ્યો હતો. આ વચ્ચે બુધવારે વહેલી સવારે પારસ સર્કલ પાસેના ડમ્પિંગ પોઈન્ટ પર ડે.કમિશ્નર રૂદ્રેશ હુદળ પહોંચ્યા હતા. જેઓ સ્થળ પર પહોંચી સફાઈના કોન્ટ્રાક્ટર થકી કચરો ઉપાડવવા પ્રયત્નશીલ બન્યા હતા. જો કે, અત્રે સફાઈ કર્મચારીઓ અને તેમના યુનિયન પ્રમુખ આવી પહોંચ્યા હતા અને ભારોભાર વિરોધ દર્શાવ્યો હતો.

## દ્વારકાના ગોમતી ઘાટમાં જામનગરના ૭ યુવક-યુવતીઓ ડૂબ્યા, એક યુવતીનું મોત

| પ્રતિનિધિ, દ્વારકા, તા.૫ |

દ્વારકાની ગોમતી નદીમાં અવાર-નવાર યાત્રિકો ડૂબતા હોવાની ઘટના બનતી હોય છે. ત્યારે આજે જામનગરના સાત યાત્રીઓ ડૂબી જતાં દોડધામ મચી જવા પામી હતી. સાત યાત્રીઓમાં ચાર યુવક અને ત્રણ યુવતીઓનો સમાવેશ થાય છે. યાત્રીઓને ડૂબતાં જોઈ સ્થાનિક લોકો અને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનામાં એક યુવતીનું મોત નીપજ્યું છે, જ્યારે ૬ યાત્રાળુઓને બચાવી લેવામાં આવ્યા છે. હાલ યાત્રાળુઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે છેલ્લા એક મહિનામાં ડૂબવાની ત્રણ ઘટના બની છે. જેમાં ૩ દિવસ અગાઉ એક વૃદ્ધ ડૂબ્યા હતા જોકે સુરક્ષાકર્મીઓએ જીવ જોખમમાં મૂકીને વૃદ્ધને બચાવી લીધા હતા.

## સુરતમાં જર્જરિત બિલ્ડીંગની બાલ્કની ધરાશાયી થતાં પાલિકાએ માર્યુ સીલ

| પ્રતિનિધિ, સુરત, તા.૫ |

સુરત પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં હોડી બંગલા વિસ્તારમાં એક બિલ્ડીંગની બાલ્કની આજે સવારે ધડાકાભેર તૂટી પડી હતી. જેમાં એક યુવાન કાટમાળ હેઠળ દટાયો હતો. ઘાયલ થયેલા યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. હોડી બંગલા ખાતે જે બિલ્ડિંગનો ભાગ તૂટી પડ્યો હતો તે બિલ્ડીંગમાં વસવાટ ખાલી કરાવી પાલિકાએ મિલકત સીલ કરવાની કામગીરી હાથ ધરી હતી. સુરત પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં હોડી બંગલા વિસ્તારમાં વોર્ડ નંબર ૭ મા નોધ નંબર ૧૫૯૨ થી ૧૬૦૬માં મલ્લિક બાબા કોમ્પલેક્ષ આવ્યું છે. આજે સવારે આ જર્જરિત બિલ્ડીંગમાં ગેલેરીનો ભાગ તૂટી પ ડ્યો હતો. આ બિલ્ડિંગમાં ૨૦ જેટલા પરિવાર રહે છે. આ બિલ્ડીંગ જર્જરિત હોવાથી સુરત પાલિકાના સેન્ટ્રલ ઝોન દ્વારા ત્રણ મહિના પહેલા જ (૨૦ માર્ચના રોજ) બિલ્ડીંગ રીપેર કરવા માટે નોટિસ ફટકારી હતી.

## બોટાદમાં પ્રેમિકાની નજર સામે ૮ પરિજનોએ પ્રેમીને રહેંસી નાખ્યો

| પ્રતિનિધિ, બોટાદ, તા.૫ |

બોટાદના માંડવા-ઢસા રોડ નજીક બનેલાં હત્યાના એક ચકચારી બનાવમાં પ્રેમિકાને લઈને ભાગેલાં પ્રેમીને શોધવા યુવતીના પરિવારે પ્રેમીના મિત્રનું અપહરણ કર્યુ હતું. ત્યારબાદ પ્રેમી યુગલનું લોકેશન શોધી પ્રેમિકાની નજર સામે જ પ્રેમી પર ઘાતકી હુમલો કરી તેની કરપીણ હત્યા કરી પ્રેમિકાને લઈ ફરાર થઈ ગયા હતા. ઢસા પોલીસે આઠ શખ્સ વિરૂદ્ધ હત્યા, અપહરણ સહિતની કલમ અન્વયે ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી હતી. મોસાળમાં રહેતાં યુવકને ગામની જ ભાણેજ સાથે પ્રેમ થયો હતોભાવનગરના ટીમાણા ગામના વતની અને હાલ ઉમરાળાના ટીંબી ગામે મોસાળમાં રહીને પશુપાલનનો વ્યવસાય કરતાં ૨૧ વર્ષીય યુવક જનક વિનુભાઈ કોતરને આ જ ગામની ભાણેજ અને ભાયાવદર ગામે રહેતી પીયુ સાથે એક વર્ષ પૂર્વે પ્રેમ થયો હતો. પરિવારને જાણ થતાં યુવતીએ પ્રેમી જનકને લઈ જવાનું કહેતાં ગત મંગળવારે જનક,ગામમાં જ રહેતાં મિત્ર યાજ્ઞિક મહેશભાઈ જોટાણીયાને સાથે લઈને બે અલગ-અલગ બાઈક પર ભાયાવદરથી યુવતીને રંઘોળા લઈ આવ્યો હતો. જયાં બન્ને મિત્રો છુટ્ટા પડ્યા હતા. બોટાદના માંડવા-ઢસા રોડ નજીક બનેલાં હત્યાના એક ચકચારી બનાવમાં પ્રેમિકાને લઈને ભાગેલાં પ્રેમીને શોધવા યુવતીના પરિવારે પ્રેમીના મિત્રનું અપહરણ કર્યુ હતું.

### ૧મેના રોજ શિક્ષકો નિવૃત થતાં નવા શૈક્ષણિક વર્ષમાં મુશ્કેલી ઊભી થાય એમ

# અમદાવાદની ગ્રાન્ટેડ શાળાઓમાં ૮૦૦થી વધુ શિક્ષકો-આચાર્યની ઘટ, સંચાલક મંડળે મુખ્યમંત્રીને લખ્યો પત્ર

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૫ |

ગુજરાતમાં નવા શૈક્ષણિક વર્ષ પહેલા મે મહિનામાં શિક્ષકો નિવૃ ત થયા છે, ત્યારે અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળે મુખ્યમંત્રીને પત્ર લખીને શહેરની શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરી કરવાની માગ કરી છે. હાલ શાળામાં વેકેશન ચાલી રહ્યું છે. આમ શાળા શરૂ થાય તે પહેલા જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવે તેવી શાળા સંચાલકોએ માગ કરી હતી. જેમાં અમદાવાદમાં ૮૦૦થી વધુ શિક્ષકો-આચાર્યની ઘટ હોવાનું સામે આવ્યું છે. અમદાવાદની શાળામાં શિક્ષકોની ઘટ નવા શૈક્ષણિક વર્ષમાં શાળામાં પૂરતા શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓને કઈ રીતે શિક્ષણ પૂરું પડાશે તેવા સવાલો ઊભા થયા છે. અમદાવાદ શહેર



શાળા સંચાલક મંડળે મુખ્યમંત્રીને પત્ર કરીને રજૂઆત કરી હતી કે, ૩૧મેના રોજ શિક્ષકો નિવૃત થતાં નવા શૈક્ષણિક વર્ષમાં મુશ્કેલી ઊભી થાય એમ છે. જ્યારે હાલ રાજ્યભરમાં ૪૦૦૦થી વધુ શિક્ષકોની સંખ્યા ખાલી જણાય છે. જ્યારે અમદાવાદ શહેરની ગ્રાન્ટેડ શાળાઓમાં ૮૦ આચાર્ય અને ૮૦૦ શિક્ષકોની ઘટ છે. આમ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત પહેલા જિલ્લા કક્ષાએ કેમ્પ રાખીને જ્ઞાન સહાયકોને તાત્કાલિક ધોરણે શાળા ફાળવવામાં આવે તેવી માગ કરી હતી. ગુજરાતમાં નવા શૈક્ષણિક વર્ષ પહેલા મે મહિનામાં શિક્ષકો નિવૃત થયા છે, ત્યારે અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળે મુખ્યમંત્રીને પત્ર લખીને શહેરની શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરી કરવાની માગ કરી છે. હાલ શાળામાં વેકેશન ચાલી રહ્યું છે. આમ શાળા શરૂ થાય તે પહેલા જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવે તેવી શાળા સંચાલકોએ માગ કરી હતી. જેમાં અમદાવાદમાં ૮૦૦થી વધુ શિક્ષકો-આચાર્યની ઘટ હોવાનું સામે આવ્યું છે. અમદાવાદની શાળામાં શિક્ષકોની ઘટ નવા શૈક્ષણિક વર્ષમાં શાળામાં પૂરતા શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓને કઈ રીતે શિક્ષણ પૂરું પડાશે તેવા સવાલો ઊભા થયા છે. અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળે મુખ્યમંત્રીને પત્ર કરીને રજૂઆત કરી હતી કે, ૩૧મેના રોજ શિક્ષકો નિવૃ ત થતાં નવા શૈક્ષણિક વર્ષમાં મુશ્કેલી ઊભી થાય એમ છે.

## જામનગરના યુવાન પર પ્રેમ પ્રકરણમાં પ્રેમિકાના પરિવારના ચાર સભ્યોનો છરી ધોકા વડે હુમલો

| પ્રતિનિધિ, જામનગર, તા.૫ |

જામનગરમાં બેડી ઈદ મસ્જિદ વિસ્તારમાં રહેતા એક યુવાન પર પ્રેમ પ્રકરણના કારણે પ્રેમિકાના પરિવારના ચાર સભ્યોએ છરી ધોકા જેવા હથિયારો વડે હુમલો કરી ઈજા પહોંચાડી હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે, જ્યારે હુમલાખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.જામનગરમાં બેડી વિસ્તારમાં રહેતા રમજાનભાઈ અબ્દુલભાઈ ઘુમરા નામના કોન્ટ્રાક્ટર યુવાને પોતાના ભત્રીજા નજીર ઘુમરા ઉપર છરી અને ધોકા વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવા અંગે બેડેશ્વર વિસ્તારમાં જ રહેતા હુસેન વલીમમદ જેડા, અબ્બાસ વલીમમદ જેડા, મોઈન હુસેનભાઈ જેડા, અને રમજાન ભુરાભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી છે.જ્યારે ઈજાગ્રસ્ત યુવાન નઝીર હાલ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાનનો ભત્રીજો નજીર કે જે આરોપી હુસેન વલીમામદની ભત્રીજી સાથે અગાઉ પ્રેમ સંબંધ ધરાવતો હતો, જેનું મન દુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે. હાલ ચારેય આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી પોલીસ તમામને શોધી રહી છે. હુમલાખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## કચ્છના અંજાર નજીક 3 વાહનો વચ્ચે અકસ્માત, બેના મોત

| પ્રતિનિધિ, કચ્છ, તા.૫ |

કચ્છથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં અંજાર-સતાપર રોડ પર એક ભયંકર અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ વાહનો લપેટાઈ ગયા હતા. માહિતી અનુસાર એક પૂરપાટ ગતિએ દોડતી કારે અન્ય વાહનોને અડફેટે લીધા હતા જેના લીધે બે લોકો મૃત્યુ પામી ગયા હતા. આ અકસ્માતમાં અન્ય ચાર લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી રહી છે. હાલમાં ઘાયલોને તાત્કાલિક સારવાર હેતુસર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જાયા બાદ કારચાલક ફરાર માહિતી અનુસાર અકસ્માત સર્જાયા બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. કારચાલકે બેથી ૩ બાઈકને અડફેટે લીધી હતી. જેના લીધે ચારથી વધુ લોકો ઈજાગ્રસ્ત પણ થઈ ગયા હતા. જ્યારે બે વ્યક્તિના મોતની પુષ્ટી થઈ હતી. સ્થાનિકોએ કારચાલકને પકડવાનો પ્રયાસ કર્યો હતો પણ તે નાસી છૂટવામાં સફળ થયો હતો. ત્યારબાદ સ્થાનિકોએ આ મામલે પોલીસને જાણ કરી હતી જે બાદ પોલીસ ટીમ ઘટનાસ્થળે ધસી આવી હતી અને ૧૦૮ની મદદથી ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્યારબાદ પોલીસે ફરાર કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કચ્છથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં અંજાર-સતાપર રોડ પર એક ભયંકર અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ વાહનો લપેટાઈ ગયા હતા.



### ૩૨ જેટલા આબોલ પશુને છોડાવી લઈ પાંજરાપોળમાં મોકલી આપ્યા

# જામનગરમાં ગેરરીતિથી વાડામાં બાંધી રાખેલા ૩૨ અબોલ જીવને પોલીસની ટીમે બચાવ્યા । બે શખ્સોની અટકાયત

**સમગ્ર કાર્યવાહીથી કાલાવડ નાકા બહાર વિસ્તારમાં બકરી ઈદ જેવા તહેવાર પહેલાં જ આ કાર્યવાહી થતાં ભારે ચકચાર**

। પ્રતિનિધિ, જામનગર, તા.૫ ।

જામનગરમાં કાલાવડ નાકા બહાર ગઈકાલે મોડી રાત્રે સીટી એ. ડિવિઝન પ ોલીસે દરોડો પાડી એક વાડામાંથી ૩૨ જેટલા આબોલ પશુ (નર ભેંસ-પાડા) ને છોડાવી લઈ પાંજરાપોળમાં મોકલી આપ્યા છે, જ્યારે ગેરકાયદે પશુઓને રાખનાર બે શખ્સો સામે પોલીસે પશુ પ્રત્યે ઘાતકીપણું રાખવા અંગેની કલમ હેઠળ ગુન્હો નોંધી બન્નેની અટકાયત કરી લીધી છે. જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલા કલ્યાણ ચોક નજીક બીલાલ શબીરભાઈ શેરજી અને સરફરાજ ઓસમાણ દલ નામના બે આસામીઓના ઢોરના વાડામાં ગેરરીતિ આચરી ભેંસ વર્ગના પાડાઓને (નર ભેંસ) ને ક્રૂરતા પૂર્વક ગેરરીતિથી બાંધી રાખ્યા હોવાની બાતમીના આધારે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ નિકુંજસિંહ ચાવડા સહિત પીએસઆઈ રૂદ્રસિંહ જાડેજા અને સર્વેલન્સ સ્ક્વોડ ટીમ દ્વારા બન્ને આસામીઓને ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો.

જ્યાંથી ૩૨ જેટલા અબોલ જીવ (પાડા) ને આસામીના વાડામાંથી છોડાવી જામનગર મહાનગર પાલિકાના સંચાલિત ઢોરના ટ્રેક્ટર દ્વારા ખસેડવામાં આવ્યા હતા, અને બન્ને ઈસમો



બીલાલ શબીરભાઈ શેરજી અને સરફરાજ ઓસમાણ દલ વિરૂદ્ધ એનિમલ એક્ટ તળે કાર્યવાહી કરી ગુન્હો નોંધી અટકાયત કરવામાં આવી છે.

આ સમગ્ર કાર્યવાહીથી કાલાવડ નાકા બહાર વિસ્તારમાં બકરી ઈદ જેવા તહેવાર પ હેલાં જ આ કાર્યવાહી થતાં ભારે ચકચાર જાગી છે.જામનગરમાં એક તરફ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થઈ રહી છે, ત્યારે કાલાવડ નાકા બહાર બે કસાઈ શખ્સો દ્વારા પશુઓને પોતાના વાડામાં ખોરાક પાણીની સગવડતા અપાઈ ન હોય તેવી રીતે ૩૨ જેટલા અબોલ જીવો જેમાં ૩૧ નાના ભેંસના પાડરડાઓ તેમજ એક મોટો પાડો કે જે તમામની કિંમત ૧,૦૩,૦૦૦ થાય છે, જે તમામ પશુઓને પોલીસે છોડાવી લીધા હતા, અને પાંજરાપ ોળમાં મોકલી આપ્યા છે.

આ ઉપરાંત પશુઓની હેરાફેરી માટે ઉપ યોગમાં લેવાયેલી જી.જે.૧૦ ટી.ઝેડ ૩૮૭૭ નંબરની રૂપિયા ૮૦ હજારની કિંમતની એક રીક્ષા કબજે કરી લેવામાં આવી છે. જામનગરમાં કાલાવડ નાકા બહાર ગઈકાલે મોડી રાત્રે સીટી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડી એક વાડામાંથી ૩૨ જેટલા આબોલ પશુ (નર ભેંસ-પાડા) ને છોડાવી લઈ પાંજરાપોળમાં મોકલી આપ્યા છે, જ્યારે ગેરકાયદે પશુઓને રાખનાર બે શખ્સો સામે પોલીસે પ શુ પ્રત્યે ઘાતકીપણું રાખવા અંગેની કલમ હેઠળ ગુન્હો નોંધી બન્નેની અટકાયત કરી લીધી છે.

જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલા કલ્યાણ ચોક નજીક બીલાલ શબીરભાઈ શેરજી અને સરફરાજ ઓસમાણ દલ નામના બે આસામીઓના ઢોરના વાડામાં ગેરરીતિ આચરી ભેંસ વર્ગના પાડાઓને (નર ભેંસ) ને ક્રૂરતા પૂર્વક ગેરરીતિથી બાંધી રાખ્યા હોવાની બાતમીના આધારે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ નિકુંજસિંહ ચાવડા સહિત પીએસઆઈ રૂદ્રસિંહ જાડેજા અને સર્વેલન્સ સ્ક્વોડ ટીમ દ્વારા બન્ને આસામીઓને ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો.

### પૃથ્વીરાજ ચૌહાણની વાર્તા મોટે ભાગે રાજકુમારી સંયોગિતા સાથેની તેમની પ્રખ્યાત પ્રેમકથાની આસપાસ કહેવામાં આવી

# આશુતોષ રાણા 'ચક્રવર્તી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ' ના વાર્તાકાર બન્યા, કહ્યું "આ વાર્તા મારા હૃદય સાથે જોડાયેલી છે"

। પ્રતિનિધિ, મુંબઇ, તા.૫ ।

વર્ષોથી, પૃથ્વીરાજ ચૌહાણની વાર્તા મોટે ભાગે રાજકુમારી સંયોગિતા સાથેની તેમની પ્રખ્યાત પ્રેમકથાની આસપાસ કહેવામાં આવી છે. પરંતુ હવે સોની એન્ટરટેઈનમેન્ટની નવી શ્રેણી ચક્રવર્તી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ આ દ્રષ્ટિકોણને બદલવા જઈ રહી છે. આ વખતે ધ્યાન યોદ્ધા સમ્રાટ પર કેન્દ્રિત હશે, જેમની બહાદુરી, તીક્ષ્ણ મન અને અજોડ લશ્કરી વ્યૂહરચનાએ ૧૨મી સદીમાં ઈતિહાસ રચ્યો હતો. આ શો તે ઐતિહાસિક વળાંક બતાવશે, જ્યારે પૃથ્વીરાજ ચૌહાણે મોહમ્મદ ગૌરી સામે નિર્ણાયક યુદ્ધ લડ્યું હતુંઐતિહાસિક ગાથા 'ચક્રવર્તી સમ્રાટ પૃ થ્વીરાજ ચૌહાણ' ના શક્તિશાળી વાર્તાકાર આશુતોષ રાણા કહે છે, ×ચક્રવર્તી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ જેવા ઐતિહાસિક શો પર કામ કરવું એ સર્જનાત્મક રીતે સમૃદ્ધ અનુભવ રહ્યો છે. વિગતો, લેખન, દ્રશ્યો બધું જ એક એવી વાર્તા રજૂ કરવા માટે એકસાથે આવે છે જે વાસ્તવિકતામાં મૂળ ધરાવતી ભવ્ય છે.





વાર્તાકાર તરીકે, મારા અવાજમાં ઈતિહાસનું વજન હતું, અને મેં તેને ઊંડા આદર અને વિશ્વાસ સાથે ભજવ્યું. સન્માન, હિંમત અને ધર્મ માટે ઉભા રહેલા યોદ્ધાની વાર્તા કહેવાથી મારા અંદર કંઈક ઊંડે સુધી જાગૃત થયું. આ શો ફક્ત મનોરંજન નથી, પરંતુ આપણા દેશના પરાક્રમી ભૂતકાળને શ્રદ્ધાંજલિ છે. હું દર્શકોને આ ઐતિહાસિક ભવ્યતા બતાવવા માટે ઉત્સુક છું.×આ શાનદાર શોનો વિશાળ સેટ છ ભાગોમાં વહેંચાયેલો છે, જે સમ્રાટ પૃ થ્વીરાજ ચૌહાણના જીવનના વિવિધ સ્થળોનું ચિત્રણ કરે છે. આમાં રાજાનો ખંડ, યુદ્ધ ક્ષેત્ર, આંગણું અને કિલ્લાની બહારનો ભાગ શામેલ છે. દર્શકોને તે યુગની સાચી અનુભૂતિ આપવા માટે દરેક સ્થળને કાળજીપૂર્વક શણગારવામાં આવ્યું છે. એક જાણીતા ઈતિહાસકારે શોના સેટને મંજૂરી આપ્યા પછી શૂટિંગ શરૂ થયું જેથી બધું જ અધિકૃત દેખાય.આ શો ૧૨મી સદીના રાજપૂત રાજા પૃથ્વીરાજ ચૌહાણના જીવન પર આધારિત છે, જે તેમની બહાદુરી અને મોહમ્મદ ઘોરીના હુમલાઓ સામે લડવા માટે જાણીતા છે. શોની વાર્તા સંપૂર્ણપણે આપણા ઈતિહાસમાં મૂળ ધરાવે છે. નિર્માતાઓએ સેટ, કોસ્ચ્યુમ, સંવાદો અને યુદ્ધના દ્રશ્યોથી લઈને દરેક વસ્તુને વાસ્તવિક દેખાવ આપવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે.

### હરણીની કેપી ટ્રાન્સપોર્ટમાં ત્રણ દિવસમાં બીજી વખત દારૂનો જથ્થો પકડાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

વડોદરાના હરણી વિસ્તારમાં આવેલી કેટલીક ટ્રાન્સપોર્ટ કંપ નીઓમાં દારૂના જથ્થાની હેરાફેરી થતી હોવાની વિગતો બહાર આવી છે. ગોલ્ડન ચોકડી પાસે કેપી ટ્રાન્સપ ોર્ટમાં ત્રણ દિવસમાં બીજી વખત દારૂનો જથ્થો મળી આવતા પોલીસ ચોકી ઉઠી છે. દારૂના ખેપીયાઓ દ્વારા દારૂની હેરાફેરી માટે હવે ટ્રાન્સપોર્ટનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાના બનાવો બહાર આવી રહ્યા છે. જેને કારણે પોલીસની કામગીરીમાં ઉમેરો થયો છે. અને હવે ટ્રાન્સપોર્ટ કંપનીઓ પર પણ નજર રાખવાની ફરજ પડી છે.પંદર દિવસ પહેલા હરણીની એક ટ્રાન્સપોર્ટ કંપનીમાં દારૂની ૧૭૦૨ બોટલ મળ્યા બાદ બે ત્રણ દિવસ પહેલા સંગમ હોટલ પાછળ આવેલી કે.પી ટ્રાન્સપોર્ટમાંથી કેમિકલના માલના ઓછા હેઠળ ડોલમાંથી ૧૩૯૮ બોટલ મળી આવી હતી. જે બનાવમાં પોલીસ આરોપ ીઓને શોધી રહી છે ત્યારે આજ ટ્રાન્સપોર્ટ કંપનીમાંથી ફરી એકવાર પૂંઠાના બોક્સમાંથી ૧.૬૩ લાખની ૩૧૨ બોટલ મળી આવી છે. હરણી પોલીસે આ અંગે માલ મંગાવનાર ગોત્રીના ગાયત્રી ટ્રેડર્સના સંચાલક તેમજ માલ સપ્લાય કરનાર શાંતા એન્ટરપ્રાઈઝ એન્ડ ટ્રેડર્સ(માર્બલ માર્કેટ,અંબાલા,હરિયાણા) ને વોન્ટેડ જાહેર કર્યા છે. વડોદરાના હરણી વિસ્તારમાં આવેલી કેટલીક ટ્રાન્સપોર્ટ કંપનીઓમાં દારૂના જથ્થાની હેરાફેરી થતી હોવાની વિગતો બહાર આવી છે. ગોલ્ડન ચોકડી પાસે કેપી ટ્રાન્સપોર્ટમાં ત્રણ દિવસમાં બીજી વખત દારૂનો જથ્થો મળી આવતા પોલીસ ચોકી ઉઠી છે. દારૂના ખેપીયાઓ દ્વારા દારૂની હેરાફેરી માટે હવે ટ્રાન્સપોર્ટનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાના બનાવો બહાર આવી રહ્યા છે. જેને કારણે પોલીસની કામગીરીમાં ઉમેરો થયો છે.









Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આ ભવ્ય કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા

# રામ મંદિરમાં ભવ્ય રામ દરબાર પ્રાણ પ્રતિષ્ઠા । મુખ્યમંત્રી યોગીએ મૂર્તિઓનો અભિષેક કર્યો

### ગંગા દશેરાના શુભ પ્રસંગે અભિજીત મુહૂર્તમાં સવારે ૧૧:૨૫ થી ૧૧:૪૦ વાગ્યા સુધી રામ દરબાર સહિત આઠ દેવ વિગ્રહોની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી

। અયોધ્યા,તા.૫ ।

ગુરુવારે રામ મંદિર પરિસરમાં રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી ત્યારે રામનગરીના ઈતિહાસમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આ ભવ્ય કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. ગંગા દશેરાના શુભ પ્રસંગે અભિજીત મુહૂર્તમાં સવારે ૧૧:૨૫ થી ૧૧:૪૦ વાગ્યા સુધી રામ દરબાર સહિત આઠ દેવ વિગ્રહોની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. ગંગા દશેરાના દિવસે તેનો સિદ્ધયોગ પણ રચાઈ રહ્યો હતો. રામેશ્વરમની પ્રાણ પ્રતિષ્ઠા પણ તે જ દિવસે કરવામાં આવી હતી. અયોધ્યામાં રામ દરબાર અને પરકોટાના મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ગઈ છે. રામ દરબારમાં રાજા રામ, સીતા, ભરત, શત્રુઘ્ન, લક્ષ્મણ અને હનુમાનજીની મૂર્તિઓ છે. બધી મૂર્તિઓ મકરાણાના સફેદ આરસપહાણમાં કોતરેલી છે.

આ પહેલા સવારે છ વાગ્યાથી પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ શરૂ થઈ હતી. યજ્ઞ મંડપમાં બધા દેવી-દેવતાઓની પૂજા કરવામાં આવી હતી. પ્રાણ પ્રતિષ્ઠા શરૂ થતાંની સાથે જ ચારે દિશાઓથી વૈદિક મંત્રોનો અવાજ ગુંજી ઉઠ્યો. બ્રહ્મમુહૂર્તથી જ મંદિર પરિસરમાં પંડિતો, આચાર્યો અને સંતોનો સામૂહિક અવાજ, શંખનો અવાજ અને હવનની સુગંધથી આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.







### યોગી આદિત્યનાથની હાજરીએ આ ગૌરવપૂર્ણ ક્ષણને વધુ દિવ્ય બનાવી દીધી

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની હાજરીએ આ ગૌરવપૂર્ણ ક્ષણને વધુ દિવ્ય બનાવી દીધી. મુખ્યમંત્રીએ બધા દેવ વિગ્રહોનો અભિષેક કર્યો. આ પછી, રામ દરબારની મૂર્તિ પરથી આવરણ દૂર કરવામાં આવ્યું. રાજા રામને આભૂષણોથી શણગારવામાં આવ્યા. આ દરમિયાન, અયોધ્યાના ૧૯ સંતો અને ધાર્મિક નેતાઓ પણ આ પ્રસંગે હાજર હતા. આ ઉપરાંત, ટ્રસ્ટ, સંઘ અને વિહિપના અધિકારીઓ પણ હાજર હતા. આ પહેલા, મુખ્યમંત્રીએ હનુમાનગઢીની પણ મુલાકાત લીધી. મુખ્યમંત્રી નિર્ધારિત સમયે સવારે ૧૦.૩૦ વાગ્યે અયોધ્યા પહોંચ્યા. કૃષિ મંત્રી સૂર્ય પ્રતાપ શાહી, અન્ય જનપ્રતિનિધિઓ અને ભાજપના અધિકારીઓએ રામ કથા પાર્કમાં તેમનું સ્વાગત કર્યું. બુધવારે સવારે ૬:૩૦ વાગ્યાથી બે કલાક સુધી યજ્ઞ મંડપમાં દેવતાઓની પૂજા કરવામાં આવી.

### ૧૦:૪૦ થી ૧૨:૪૦ સુધી, રામ દરબાર સહિત તમામ દેવતાઓની મૂર્તિઓનો અભિષેક કરવામાં આવ્યો

અન્નાધિવાસ સવારે ૯ થી ૯:૩૦ વાગ્યા સુધી પૂર્ણ થયો. યજ્ઞ મંડપમાં હવન સવારે ૯:૩૫ થી ૧૦:૩૫ સુધી ચાલ્યો. ૧૦:૪૦ થી ૧૨:૪૦ સુધી, રામ દરબાર સહિત તમામ દેવતાઓની મૂર્તિઓનો અભિષેક કરવામાં આવ્યો. મંદિરમાં અભિષેકની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ હતી જ્યાં દેવતાની મૂર્તિ સ્થાપિત થવાની છે. બપોરે ૨ થી ૩ વાગ્યા સુધી, ઉત્સવ મૂર્તિઓએ પરિસરની મુલાકાત લીધી. આ માટે, રામ દરબારની બધી ઉત્સવ મૂર્તિઓ અને પારકેટાના છ મંદિરોની ઉત્સવ મૂર્તિઓને પાલખી પર ચાંદીના સ્ટૂલ પર બેસાડવામાં આવી હતી અને પરિસરની મુલાકાત લેવામાં આવી હતી. હવે રામનગરીની પવિત્ર ભૂમિ પર એવો ઈતિહાસ રચાઈ રહ્યો છે, જેની આભા આવનારી પેઢીઓ પણ અનુભવશે. શ્રી રામ જન્મભૂમિ પર ભવ્ય મંદિરનું નિર્માણ પણ સ્થાપત્ય અને વૈજ્ઞાનિક વિચારસરણીનું અજોડ ઉદાહરણ બની રહ્યું છે.

### છ વાગ્યાથી પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ શરૂ થઈ હતી

રામ મંદિરના પહેલા માળે સ્થાપિત થનારા રામ દરબારનો મહિમા ફક્ત ધાર્મિક જ નહીં, પણ સ્થાપત્યની દ્રષ્ટિએ પણ અજોડ રહેશે. જે આરસપહાણના પથ્થરથી રામ દરબાર બનાવવામાં આવ્યો છે તે માત્ર શક્તિમાં જ અનોખો નથી, પરંતુ તેમાં રહેલી ચમક અને તેજ સદીઓ સુધી ઝાંખી નહીં પડે. રામ દરબાર બનાવનારા પ્રખ્યાત શિલ્પકાર સત્ય નારાયણ પાંડે કહે છે કે મૂર્તિના નિર્માણ માટે પથ્થરોનો મોટો જથ્થો ખરીદવામાં આવે છે. રામ દરબારના નિર્માણ માટે પસંદ કરાયેલ આરસપહાણનો પથ્થર લગભગ ૪૦ વર્ષ જૂનો છે. નવા આરસપહાણના પથ્થર એટલા સારા ઉપલબ્ધ નથી. તેમનો દાવો છે કે રામ દરબારની મૂર્તિ હજાર વર્ષ સુધી સુરક્ષિત રહેશે. આ પથ્થરની વિશેષતા એ છે કે તેને જેટલું ધોવામાં આવશે, સ્નાન કરાવવામાં આવશે, તેટલી જ તેની ચમક વધશે. શિલ્પકાર સત્ય નારાયણે કહ્યું કે પથ્થરો પસંદ કરવામાં છ મહિના લાગ્યા. રામ મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે શ્રેષ્ઠ પથ્થર પસંદ કરવાનું કહ્યું હતું. આ પથ્થર પસંદ થયા પછી આઈઆઈટી હૈદરાબાદના વૈજ્ઞાનિકોની એક ટીમે તેની સંપૂર્ણ વૈજ્ઞાનિક તપાસ કરી.

## પ્રભાવશાળી શર્મિષ્ઠા પાનોલીને જામીન મળ્યા, હાઈકોર્ટે પોલીસને સુરક્ષા પૂરી પાડવા પણ કહ્યું

। કોલકતા, તા.૫ ।

સોશિયલ મીડિયા પ્રભાવશાળી શર્મિષ્ઠા પાનોલીને મોટી રાહત આપતા, કોલકાતા હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા છે. આ સાથે, કોર્ટે પોલીસને પ્રભાવક શર્મિષ્ઠા પાનોલીને સુરક્ષા પૂરી પાડવાનું પણ કહ્યું છે. શર્મિષ્ઠાને ૧૦,૦૦૦ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર જામીન મળ્યા છે. જો પ્રભાવક વિદેશ જાય છે, તો તેણે ઝત્રસ પાસેથી પરવાનગી લેવી પડશે. જામીન આપતી વખતે, હાઈકોર્ટે કહ્યું કે શર્મિષ્ઠા પાનોલીને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરવાની કોઈ જરૂર નથી. કોલકાતા પોલીસે ફરિયાદના આધારે શર્મિષ્ઠા પાનોલીની ગુરુગ્રામથી ધરપકડ કરી હતી. સોશિયલ મીડિયા પ્રભાવક પર સાંપ્રદાયિક ટિપ્પણીઓ સાથેનો વીડિયો અપલોડ કરવાનો આરોપ છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે બોલિવૂડ કલાકારો ઓપરેશન સિંદૂર પર મૌન સેવી રહ્યા છે. આ પછી, કોલકાતાની એક કોર્ટે પાનોલીને ૧૩ જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધી હતી.સોશિયલ મીડિયા 'કન્ટેન્ટ ક્રિએટર' શર્મિષ્ઠા પાનોલીની ધરપકડથી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ હતી. ઘણા લોકો તેમની ધરપકડને વાજબી ગણાવી રહ્યા હતા જ્યારે ઘણા તેને ગેરકાયદેસર ગણાવી રહ્યા હતા. આ મામલો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે.

## કોર્ટે ભોપાલ ગેસ દુર્ઘટના સંબંધિત ઝેરી કચરાના કેસની સુનાવણી કરવાનો ઇનકાર કર્યો

। નવીદિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટે ૧૯૮૪ના ભોપાલ ગેસ દુર્ઘટના સંબંધિત ઝેરી કચરાના કેસની સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. મધ્યપ્રદેશના પીથમપુરમાં કચરો બાળવા સામે આ અરજી દાખલ કરવામાં આવી હતી. ન્યાયાધીશ સંજય કરોલ અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે અરજદારના વકીલને પ્રશ્ન કર્યો કે 'જ્યારે આ મામલો મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં પહેલેથી જ ચાલી રહ્યો હતો અને કોઈ વચગાળાનો આદેશ મળ્યો ન હતો, તો રજાઓ દરમિયાન હવે તેને શા માટે રોકવો જોઈએ? આપણે કેટલા વર્ષોથી આ કચરા સામે લડી રહ્યા છીએ?' ૨-૩ ડિસેમ્બર ૧૯૮૪ ની રાત્રે, ભોપાલમાં યુનિયન કાર્બાઈડ ફેક્ટરીમાંથી મિથાઈલ આઈસોસાયનેટ ગેસ લીક થયો હતો. આ અકસ્માતમાં ૫,૪૭૯ લોકો મૃત્યુ પામ્યા હતા અને પાંચ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા હતા. તેને વિશ્વની સૌથી ખરાબ ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંની એક માનવામાં આવે છે. આ અકસ્માત પછી, ફેક્ટરીમાં લગભગ ૩૭૭ ટન ઝેરી કચરો બાકી હતો, જેનો અત્યાર સુધી નિકાલ કરવામાં આવ્યો નથી.૩ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ, મધ્યપ્રદેશ હાઈકોર્ટે અધિકારીઓને ભોપાલમાંથી આ કચરો દૂર કરીને પીથમપુરમાં નિકાલ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે ૪૦ વર્ષ પછી પણ કચરો દૂર કરવામાં વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી.

### રાષ્ટ્રીય તપાસ એજન્સીએ ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના અનેક જિલ્લાઓમાં અનેક વિસ્તારોમાં દરોડા

# એનઆઇએએ જમ્મુ કાશ્મીરના અનેક જિલ્લાઓમાં ૩૨ સ્થળોએ દરોડા પાડ્યા

### આતંકવાદી ષડયંત્ર કેસની તપાસના ભાગ રૂપે, એજન્સી દ્વારા શોપિયન, કુલગામ, કુપવાડા, સોપોર અને બારામુલ્લાના અનેક વિસ્તારોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે

। જમ્મુ, તા.૫ ।

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ આજે ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના અનેક જિલ્લાઓમાં અનેક વિસ્તારોમાં દરોડા પાડ્યા છે. આતંકવાદી ષડયંત્ર કેસની તપાસના ભાગ રૂપે, એજન્સી દ્વારા શોપિયન, કુલગામ, કુપવાડા, સોપોર અને બારામુલ્લાના અનેક વિસ્તારોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. તપાસ એજન્સીએ ૨૦૧૮ માં માર્યા ગયેલા લશ્કર આતંકવાદીના ઘર તેમજ અહીં લગભગ ૩૨ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા.એજન્સી સાથે સંકળાયેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય તપાસ એજન્સીએ આતંકવાદી કાવતરું ઘડવાના કેસની તપાસ માટે અનેક જિલ્લાઓમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે. શોપિયાન જિલ્લામાં ઘણી જગ્યાએ દરોડા પડી રહ્યા છે. તેવી જ રીતે, દક્ષિણ કાશ્મીરના પુલવામા, કુલગામ અને સોપોર તેમજ બારામુલ્લામાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.એનઆઇએએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં ૩૨ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણી બદલ વિવિધ આતંકવાદી સંગઠનોના ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ સામે શોધખોળ ચાલી રહી છે. એજન્સીએ જૂન ૨૦૧૮ માં કુલગામના ચેદર બાન વિસ્તારમાં, સોપટ દેવસરમાં માર્યા ગયેલા લશ્કર કમાન્ડર શકુર અહેમદ ડારના ઘરે પણ દરોડા પાડ્યા છે.ગયા અઠવાડિયાની શરૂઆતમાં, એનઆઈએએ પાકિસ્તાન સાથે સંબંધિત જાસૂસી કેસમાં ૮ રાજ્યોમાં ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા હતા. એજન્સી સાથે સંકળાયેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના સહાયક સબ ઈન્સ્પેક્ટર મોતી રામ જાટની ધરપકડ બાદ આ દરોડા પાડવામાં આવ્યા હતા. મોતી રામને સીઆરપીએફમાંથી બરતરફ કરવામાં આવ્યા છે.એજન્સી દ્વારા આ દરોડા ઉત્તર પ્રદેશ, દિલ્હી, મહારાષ્ટ્ર (મુંબઈ), હરિયાણા, રાજસ્થાન, છત્તીસગઢ, આસામ અને પશ્ચિમ બંગાળમાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ સાથે સંકળાયેલા શંકાસ્પદોના ઠેકાણાઓ પર પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન, અહીંથી ઘણા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, શંકાસ્પદ નાણાકીય દસ્તાવેજો અને અન્ય દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ આજે ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના અનેક જિલ્લાઓમાં અનેક વિસ્તારોમાં દરોડા પાડ્યા છે.



### દેહરાદૂનમાં 'ડબલ ડેકર' બસ ચલાવવાની વાત

## દેહરાદૂન રસ્તા પરથી ટ્રાફિક ગાયબ થઈ જશે, નીતિન ગડકરીની યોજનાથી જામ ખતમ થશે

। દહેરાદુન, તા.૫ ।

દેશભરમાં જામની સમસ્યા સામાન્ય છે. રાજધાની દિલ્હીથી લઈને પહાડી રાજ્ય સુધી, તેઓ જામની સમસ્યાથી અસ્પૃશ્ય નથી. દેવભૂમિ ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂન પણ આમાં સામેલ છે. દેહરાદૂનમાં પણ ટ્રાફિક જામની સમસ્યા ખૂબ જ ગંભીર છે. જોકે, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેહરાદૂનમાં ટ્રાફિકની ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને એક અનોખો પ્રસ્તાવ રજૂ કર્યો છે.નીતિન ગડકરીએ દેહરાદૂનમાં 'ડબલ ડેકર' બસ ચલાવવાની વાત કરી છે. ખરેખર, મંગળવારે નીતિન ગડકરી ઉત્તરાખંડના પ્રવાસે ગયા હતા. અહીં દેહરાદૂનમાં, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ એક ખાનગી યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. અહીં પોતાના સંબોધનમાં તેમણે 'ડબલ ડેકર' બસ ચલાવવાની વાત કરી હતી. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ કહ્યું કે તેઓ દર વખતે વિમાન કે હેલિકોપ્ટર દ્વારા અહીં આવે છે. તેઓ એક વાર કારમાં પણ આવ્યા છે.તેમણે કહ્યું કે જિલ્લામાં ખૂબ ટ્રાફિક જામ છે. નીતિન ગડકરીએ વધુમાં કહ્યું કે તેમનું સ્વપ્ન છે કે તેઓ અહીં 'ડબલ ડેકર' બસ ચલાવવા માંગે છે. જે હવામાં દોડશે. આમાં, ઉપરથી ૧૦૦-૧૫૦ લોકો આવી-જઈ શકશે. યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ હાજર રહ્યા હતા. નીતિન ગડકરીએ મુખ્યમંત્રીની હાજરીમાં કહ્યું કે તેઓ તેમને પ્રસ્તાવ મોકલવા કહેશે. તેમણે કહ્યું કે અહીં બધું શક્ય છે.નીતિન ગડકરીએ વિદ્યાર્થીઓને ટ્રાફિક જામની સમસ્યા સમજવા કહ્યું. આ પછી નીતિન ગડકરીએ રોપવે પ્રોજેક્ટ અંગે સીએમ ધામી સાથે બેઠક કરી. બેઠકમાં સીએમ ધામીએ વિનંતી કરી હતી કે માનસખંડ મંદિર માળા મિશન હેઠળ ૫૦૮ કિમીના ૨૦ મોટર રૂટને ડબલ લેન કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં રૂપાંતરિત કરવામાં આવે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સીએમ ધામીએ આ અંગે પીએમ મોદીને પત્ર પણ લખ્યો છે.આ દરખાસ્તમાં આઠ હજાર કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

### ન્યૂઝ બ્રિફ



## આપણે રાજદ નેતા લાલુ યાદવ પાસેથી શીખવું જોઈએ : પ્રશાંત કિશોર

। પટણા, તા.૫ ।

બિહાર વિધાનસભા ચૂંટણીના ધમાલ વચ્ચે, જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે બિહારના સારણમાં લોકોને સંબોધિત કરતી વખતે આરજેડી નેતા લાલુ યાદવની પ્રશંસા કરી. લાલુ યાદવ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે બાળકોની ચિંતા કરવાનું શું છે તે લાલુજી પાસેથી શીખવું જોઈએ.પ્રશાંત કિશોરે લાલુ યાદવ અને તેજસ્વી યાદવ પર આકરા પ્રહારો કર્યા. પીકેએ કહ્યું, લાલુજીનો દીકરો નવમો ધોરણ પાસ નથી કર્યો, પણ લાલુજી પોતાના દીકરાની ચિંતા કરે છે, તેઓ ઈચ્છે છે કે તે બિહારનો રાજા બને. જો આપણે આવું કહીએ તો, કેટલાક લોકો વિચારશે કે આપણે લાલુજી વિશે ફરિયાદ કરી રહ્યા છીએ, પણ આપણે લાલુજીની પ્રશંસા કરી રહ્યા છીએ. જુઓ, તેઓ પોતાના દીકરાની ચિંતા કરે છે.પ્રશાંત કિશોરે લાલુ યાદવની પ્રશંસા ન કરી પણ તેમના દીકરા તેજસ્વી યાદવ પર કટાક્ષ કર્યો. પીકેએ કહ્યું, લાલુજી ખૂબ સારા પિતા છે, તેમનો દીકરો નવમો ધોરણ પાસ નથી કર્યો, પણ તેઓ ઈચ્છે છે કે તેમનો દીકરો બિહારનો રાજા બને. તમારી હાલત જુઓ. તમારા દીકરાએ મેટ્રિક પાસ કર્યું છે, બીએ કર્યું છે, પણ પટાવાળા માટે પણ નોકરી નથી, પણ તમને તેની ચિંતા નથી. પાંચ મહિના પછી ચૂંટણીઓ થશે, પછી દરેક ઘરમાં ઘણી ચર્ચા થશે કે લાલુનો દીકરો રાજા બનશે કે ભાજપ બનશે.પીકેએ આગળ કહ્યું, તમારા ગામના મોટાભાગના બાળકોના શરીર પર યોગ્ય કપડાં નથી, અડધાથી વધુ બાળકોના પગમાં ચપ્પલ નથી, સવાર હોય છે અને સાંજ હોય છ.

## મેધા પાટકર એક જાહેર સભામાં હાજરી આપવા જઈ રહ્યા હતા, પોલીસે અટકાયતમાં લીધા

